## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**અહીં હું જન્મ્યો'તો વનની વચમાં તે વન નથી;**
**નથી એ માટીનું ઘર, નિજ લહ્યાં તે જન નથી !**
**- જયંત પાઠક**

### પાથેય

- રમેશ ઠક્કર

# એ મૂક્યું વન...

શૈશવની સ્મૃતિઓ પણ ગજબ હોય છે...કોઈ સંવેદનશીલ સર્જક એનું આલેખન કરે ત્યારે એની વાત અનોખી બની જાય છે..આપણી ભાષામાં આવી કથાઓ જૂજ છે.આમ છતાં જેટલી પણ છે અદ્ભુત છે.કેટલાક લેખકો જન્મજાત પોતાના મુળ સાથે નાતો રાખીને જીવતા રહે છે..પોતાનું બાળપણ કે કિશોરાવસ્થા એમના હદયમાં સતત જીવંત બની ધબકતાં હોય છે.

'વનાંચલ' લખાઈ ઈ.સ.૧૯૬૫ આસપાસ..એ આમ તો અતીતરાગ છે. લેખક જયન્ત પાઠક. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા પાસેનું ગોઠ ગામ એમનું વતન. જન્મઈ.સ.૧૯૨૦માં..એમનું શૈશવ એટલે વીસમી સદીનો ત્રીજો દાયકો. જ્યારે ગામડાં હજુ અખંડ હતાં..ગ્રામ્યજીવન ભરપુર પ્રાકૃતિક વૈભવ વચ્ચે પનપતું હતું. એ અક્ષુણ્ણ પરિવેશનું આલેખન એટલે આ સ્મરણકથા.

હું જયારે બનાસ કે કામલપુર વિશે ભાવસભર શબ્દો ટપકાવું છું ત્યારે મને પણ જયંત પાઠક જેવી લાગણી થઈ આવે છે..સમ સંવેદનશીલતા પણ એક સંયોગ જેવી બની રહે છે... જે માણસે ગામડાની સીમ જોઈ લીધી છે એના માટે શહેરની સુખાકારી સાવ સામાન્ય બાબત બની જાય છે. પ્રાકૃતિક જીવન અને સહજ માનવજીવનનો એ જીવંત આલેખ આપણને ફરી ફરીને એ જ માહોલ તરફ જવા લલચાવે છે.

પંચમહાલ તો લથબથ વનઘર. હવે એ લેખકની મનસ્મૃતિમાં જ રહયું છે..વલખાં મારે છે એમનામાં પડેલો એક બાળક..ગોઠ ગામના બ્રાહ્મણો..દાદા જોઈતારામપાઠક. દેશીરજવાડું... અમલદારી... થાણું... કોતરોની રખડપટ્ટી અને એ બધા વચ્ચે ભાઈભાંડુ સાથે શૈશવની અમીટ છાપ પડી એ આ 'બચુડા' માટે જીવનભરનું સંભારણું બની રહે છે.

કરડ નદીનો રેતાળ પટ..સાગ,ખાખરા, બાવળ, આમલી, અનૂરીઓ, કોઠી ,આંકોલ ને કડાનાં ઝાડ..'વનાંચલ' એટલે લાગણીસભર પ્રાકૃતિક સ્મરણોનો આલેખ... વગડાનો શ્વાસ..લેખક પછી તો પ્રોફેસર,લેખક, જાણીતા માણસ... એમ જીવનમાં ઘણી સિધ્ધીઓ પામે છે..પણ ઘોઘંબાનું એ ઘેઘૂર ઘેન એમના મનોજગતમાં કાયમી જીવંત રહે છે..એ કવિ પણ છે.. પિતા સાત્વિક ભૂદેવ..રમણ પાઠક જાણીતા લેખક અને પ્રખર રેશનાલિસ્ટ એમના લઘુબંધુ..'ઉશનસ્' પણ એમના પિતરાઈ..પંરતુ લેખક માટે તો આખો આ પ્રદેશ સ્વજન જેવો બની રહે છે..એમના આલેખનનો એ આત્મા બની જાય છે.મને સદભાગ્ય કે આ પ્રદેશ..વનાંચલની આ મનભાવન સૃષ્ટિમાં વિહરવાની તક મળી છે.મહીસાગર જિલ્લો એ પંચમહાલનું જ એક અંગ છે..હમણાં થોડા સમય પહેલાં કરાડ નદીની એ કમનીય ધરતી ઉપર આખોદિવસ રખડયો હતો..એ ભૂમિ આજે પણ એટલી જ અજાયબ છે..આઝાદી આસપાસનો સમય તો એની સોળે કળાની સમૃદ્ધિનો હશે.'વનાંચલ' એટલે નહીં સૂંઘાયેલા ફૂલ જેવી એક સ્મૃતિ કથા..સર્જક જયન્ત પાઠક અને 'વનાંચલ' ગુજરાતી સાહિત્યની એક ભાવનાત્મક ઘટના છે..

# કોંગ્રેસ ચિંતન શિબિરના સૂચિતાર્થો

**તંત્રીસ્થાનેથી...**

આખરે કોંગ્રેસના બની બેઠેલા માલિકોને કોંગ્રેસ જેવી જૂની પાર્ટીનું ફુલ ઓવરહોલિંગ કરવાની ફરજ પડી છે. ઉદયપુર ખાતે પાર્ટીએ એનાં લેખાંજોખાં લેવાં માટે યોજેલી ચિંતન શિબિરને 'નવ સંકલ્પ શિબિર' જેવું સુસંસ્કૃત નામ આપ્યું છે. સોનિયા ગાંધી સમજીગયાં છે કે હવે નહેરુ-ઈંદિરા કે રાજીવ ગાંધીના નામ પ્રત્યે દેશના નવયુવાન મતદારોને નામનું પણ આકર્ષણ નથી રહ્યું. વળી 'પારિવારિક પાર્ટી' તરીકે વગોવાઈ ચૂકેલ હોઈ કોંગ્રેસના યુવા નેતાઓ - ભાઈબહેનની જોડીને પણ રાષ્ટ્રવાદી મતદારો સ્વીકારવા તૈયાર નથી. કોંગ્રેસના જ કેટલાક વરિષ્ઠ નેતાઓએ પાર્ટીના 'પ્રભાવક' અને લોકોને પકડી રાખી શકે તેવા કાયમી પ્રમુખની માગણી કરી હતી. સોનિયા ગાંધીના નામે ગાડું લાંબો વખત ગબડાવી શકાય એમ નથી એવો સ્પષ્ટ સંકેત આપતા જી-૦૧૩ના નેતાઓ પૈકી ગુલામનબી આઝાદ સિવાય કોઈને નહેરુ-ગાંધી પરિવારોનો સભ્ય કોંગ્રેસનો સુકાની બને તે ગમતું નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા હોવા છતાં ગુલામનબી આઝાદની રાજયસભાની મુદત પૂરી થતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગદ્ગદ થઈને જે સદ્ભાવ દર્શાવ્યો તે સૂચક હતો. ત્યારે તો એવી વાતો વહેતી થઈ હતી કે હવે ગુલામનબી ગયા ! તેઓ ભાજપમાં નહીં જાય તો છેવટે જમ્મુ અને કાશ્મીરમાં પ્રાદેશિક પાર્ટી બનાવીને ભવિષ્યમાં ભારતીય જનતા પાર્ટીના સમર્થનથી પોતાનું રજવાડું સાચવી લેશે. પરંતુ ગુલામનબીને મનાવી લેવામાં સોનિયાને સફળતા સાંપળી છે. જી-૨૩ના જ એક સદસ્ય હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી હુડ્ડા પણ કોંગ્રેસથી નારાજ હોવા છતાં હજી કોંગ્રેસમાં રહ્યા છે. પ્રશાંત કિશોરે સોનિયા ગાંધી અને સિનિયર કોંગ્રેસી નેતાઓની હાજરીમાં દર્શાવેલા મુદ્દાઓ પૈકી કેટલાક તો ચુસ્ત રીતે અમલ કરવાની ખુદ સોનિયાએ તૈયારી દર્શાવી છે. એમને જે નહોતો ગમ્યો તે મુદ્દો હતો હાલ પૂરતા રાહુલ ગાંધીને પડદા પાછળ ધકેલી દઈ કોઈ ગાંધી પરિવાર બહારના નેતાને ફુલ ફ્લેજડ અધ્યક્ષ તરીકે સુકાન સોંપવાનો. જો કે કોંગ્રેસ છેલ્લાં ઘણાં વર્ષોથી ગાંધી પરિવારના મજબૂત સંકજામાં સપડાયેલી પાર્ટી છે અને એના આગેવાનો તથા કાર્યકર્તાઓ ગાંધી પરિવારની જી હજૂરી કરવા ટેવાઈ ગયેલા છે. સોનિયા ગાંધી પણ નથી ઈચ્છતા કે પરિવારની મજબૂત પકડવાળી અને લગભગ એની અંગત અસ્કામત બની ગયેલી પાર્ટી પરથી ગાંધી પરિવારનો હક્ક સુવાંગ જતો રહે. બલકે બેસાડવા પૂરતા કોઈ બહારનો પ્રમુખ બેસાડે તો પણ એ પોતાને - રાહુલને અને પ્રિયંકાને પૂછીને પાણી પીએ તેવો હોવો જોઈએ. ઉદયપુર ચિંતન શિબિરના પ્રાયોજક અશોક ગહલોત એવા વિશ્વાસુ અને કહ્યાગરા નેતા છે અને રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસમાં સચીન પાયલટનું એક મજબૂત જૂથ છે જે એમને વહેલી તકે ખસેડવા માગે છે. સોનિયા ગાંધી કદાચ આ ચિંતન શિબિરના પરિપાક સ્વરુપે અશોક ગહલોતને રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સોંપીને કૌંસમાં સુપર પ્રેસિડેન્ટ બની રહે તો નવાઈ નહીં. વડાપ્રધાન પદના ચહેરા તરીકે તો સોનિયા ગાંધી રાહુલ ગાંધી સિવાયનું નામ સ્વપ્ને પણ વિચારી શકે એમ નથી. પ્રશાંત કિશોરને કોંગ્રેસમાં માનભેર ન જોડી શક્યા એમાં રાહુલ ગાંધીની એમના પ્રત્યેની નારાજગી જવાબદારી હતી. હવે જયારે પાર્ટી એના પાયાના કાર્યકર્તાઓની ફોજ સક્રિય બનાવવા માગે છે ત્યારે નથી એની પાસે પીકે જેવા ચાણક્ય કક્ષાના સલાહકાર કે નથી સમર્પિત આગેવાનો. હિંદુત્વ અને રાષ્ટ્રવાદનો વિરોધ કરવાં જતાં પાર્ટી હાલ છે એના કરતાં પણ વધુ નબળી સ્થિતિમાં આવી શકે છે. લઘુમતી સમુદાયને કોંગ્રેસ ભરોસાપાત્ર પાર્ટી નથી લાગી. એને ઊલટાની મમતાને તૃણમૂલ કોંગ્રેસ કે મુલાયમ - અખિલેશની સપા અને ચંદ્રશેખરની તેલંગાણા પાર્ટી પ્રત્યે વધારે શ્રદ્ધા છે. આદિવાસી, દલિત, સમુદાય અને મહિલાઓ કે ખેડૂતોના નામે, મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે વોટ માગવાની પૉલિસી કેટલી કારગત નીવડશે તે સમય જ કહી શકશે. એરપોર્ટથી શિબિર સ્થળ સુધીના રસ્તાઓ પર અત્યાર લગી ઉપેક્ષિત રહેલા, બલકે કચરાટોપલીમાં ફેંકાઈ ગયેલા નહેરુ-ગાંધી પરિવાર બહારના સરદાર - સુભાષબાબુથી લઈ નરસિંહરાવ સુધીના નેતાઓનાં પોસ્ટરો જોઈને મતદારોને હસવું જ આવતું હશે!

# હેટ સ્પીચ - ઉશ્કેરણીજનક ભાષણ

## કોઈપણ ધર્મમાં શ્રધ્ધા વ્યક્ત કરવી એ વ્યક્તિનો મૌલિક અધિકાર છે




ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૫૩(ક) તથા (ડ) મુજબ ધર્મ, જાતિ, જન્મ સ્થળ, નિવાસ, ભાષા વિગેરે કારણોને લીધે જુદા જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટોને પ્રોત્સાહન આપવા અને સૂમેળ જાળવી રાખવાને પ્રતિકૂળ એવા કૃત્યો કરી જે બોલીને સ્પીચ આપીને, લખીને, શબ્દો વડે ચિહ્નો વડે જોઈ શકાય તેવી નિશાની વડે કે અન્ય રીતે જાતી, ધર્મ, જન્મસ્થળ, ભાષા, જ્ઞાતિ અથવા કામનાા કારણે અથવા બીજા ગમે તે કારણે જુદા જુદા ધાર્મિક માનવજાતિય અથવા ભાષાકિય પ્રાદેશિક જુથો અથવા જ્ઞાતિઓ વચ્ચે દુશ્મનાવટની, ધિક્કારની અથવા દ્રેષની લાગણીઓને પ્રોત્સાહન આપે કે તેમ કરવાની કોશિશ કરે તથા કોમ-કોમ વચ્ચે જ્ઞાતિ વિરૂધ્ધ સુલેહ, શાંતિ ભંગ થાય, જાહેર શાંતિનો ભંગ થાય એવું અથવા જેનાથી શાંતિ ભંગ થવાનો સંભવ હોય એવું કૃત્ય કરે તેવા વ્યાયામ, હલન-ચલન, ઈશારા, કવાયત તથા બીજી પ્રવૃત્તિમાં ભાગ લેનાર ગુનાહિત બળ કે હિંસા વાપરે અથવા આવી તાલિમ લે અથવા આવી તાલિમ લેશે અને આવી પ્રવૃત્તિથી લોકોમાં ભય, ગભરાહટ કે બિન સલામતીની લાગણી જન્મે કે જન્મવાનો સંભવ હોય તો તે ગુનો બને તો તેવા ગુના સબબ ૩ વર્ષની કેદ અથવા દંડ બંને શિક્ષા કરવામાં આવશે. આવો ગુનો ધર્મસ્થાન વગેરેમાં કરેલો ગુનો હોય તો પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પાત્ર બનશે. દંડ તથા સજા બંને કરવામાં આવે છે. બિન જાતિતિ ગુનો ચીફ મેજીસ્ટ્રેટને ચલાવવાની સત્તા આપવામાં આવી છે.

ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૫૩(બ) મુજબ કોઈ વર્ગની વ્યક્તિઓ કોઈ ધાર્મિક માનવ જાતિય, ભાષાકિય અથવા પ્રાદેશિક જૂથ કે જ્ઞાતિનાં સભ્યો હોવાના કારણે કાયદાથી સ્થાપિત ભારતનાં સંવિધાનમાં ખરી શ્રધ્ધા અને નિષ્ઠા ધરાવી જ ન શકે અથવા ભારતનાં સાર્વભૌમત્વ અને એકતાને પુષ્ટી આપી જ ન શકે.


કોઈ વર્ગની વ્યક્તિઓ કોઈ ધાર્મિક, જાતિય, ભાષાકીય અથવા પ્રાદેશિક જૂથ અથવા જ્ઞાતિ કે કોમનાં સભ્યો હોવાના કારણે તેમને ભારતનાં નાગરિકો તરીકેનાં હક્કો અપાય નહિ અથવા તેવા હક્કો લઈ લેવા જોઈએ, તેવું કથન કરે, સૂચન કરે, સલાહ આપે, પ્રચાર કરે અને તેની પ્રસિધ્ધી કરે તેને ઉસ્કેરણીજનક વકતવ્ય આપે, પોતાની જાતિ, કોમ, ધર્મની હિમાયત કરી બીજી જાતિ, ધર્મ, કોમનું અપમાન કરે, બીજાને તેવું કરવાનું અનુરોધ કરે બીજા લોકો વચ્ચે વિખવાદ કે દુશ્મનાવટની અથવા ધિક્કારતી કે દુર્ભાવતી લાગણી જન્મે અથવા જન્માવે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની શિક્ષા અથવા શિક્ષા અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે. તેમજ ધાર્મિક સ્થાનોમાંથી આવો ગુનો કરતા પકડાય તો તે વ્યક્તિને પાંચ વર્ષ સુધીની કેદ તથા દંડ કરવામાં આવશે.

ઈન્ડીયન પીનલ કોડની કલમ-૨૯૫(એ) મુજબ કોઈ વર્ગનાં લોકોનાં ધર્મનાં લોકો જેને પવિત્ર માને તેવી વસ્તુઓ નાશ કરે, નુકશાન કરે, અપવિત્ર કરે તો તેવા ગુનામાં બે વર્ષની સજા તથા દંડની બંનેની જોગવાઈ કરવામાં આવી છે.

ધર્મ પ્રત્યેની શ્રધ્ધા વ્યક્ત કરવી એ ગુનો નથી. કોઈપણ ધર્મમાં શ્રધ્ધા વ્યક્ત કરવી એ વ્યક્તિનો મૌલિક અધિકાર છે, પરંતુ જ્યારે જાહેર હિતનો પ્રશ્ન હોય કોઈ એક સમુદાય વ્યક્તિ ધર્મ, જાતિ, કોમની લાગણી દુભાય તેવો પ્રશ્ન હોય તો ઉસ્કેરણીજનક વાણી-વર્તન, ઈરાદા વ્યકત કરવા એ ગુનો છે. કોઈની પ્રાયવેટ પ્રોપર્ટીમાં નમાજ પઢવીએ ગુનો છે. બે કે તેથી વધુ લોકો એટલે સમૂહ ગણાય છે. વ્યક્તિ અને તેનું કુંટુંબ એ વર્ગનાં લોકોનો સમૂહ નથી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

### દિન મહિમા



● બુદ્ધ જયંતિ, બુદ્ધ પૂર્ણિમા

આજનું
### ઔષધ

● શીળસમાં અજમા સાથે ગોળ આપવાથી લાભ થાય છે.

### ખડખડાટ

● ભગવાન : શું જોઈએ છે તને?
કાકા : એક નોકરી, રૂપિયાથી ભરેલો કમરો, આરામની ઊંઘ અને ગરમી થી છુટકારો
ભગવાન : તથાસ્તુ
આજે કાકા ATMમાં ગાર્ડ છે ?

આજનો
### વોટ્સએપ

● બાળપણમાં ખરા બપોરે ઉઘાડા પગે આખા ગામમાં આંટો મારી આવતા,પણ જ્યારથી આ ડિગ્રીઓ સમજમાં આવવા લાગી છે ત્યારથી પગ બળવા લાગ્યા છે..!

# કોઈ પરીક્ષા કે પરિણામ જીવનથી વધુ કિંમતી નથી




સૂકા એ હોઠ પર લાખ દિવા પ્રગટ કર,
તારા દિલમાં પણ છે, એ જ ખુદા,
પ્રગટ કર. સાંભળતા જ કરે આંખો ભીની,
બસ એવી, દિલથી અસરકારક એક દુઆ પ્રગટ કર.
- રાહુલ શાહ

પરીક્ષા આપ્યા પછી સૌથી અઘરી બાબત હોય છે પરિણામનો સામનો કરવાની ! ધાર્યું હોય તેનાથી કયારેક વધુ, કયારેક ઓછું પરિણામ આવે ત્યારે તે ક્ષણ જીરવવી સમગ્ર પરિવાર માટે એક નવી જ પરીક્ષા સમી હોય છે. ખરેખર કુદરતના ક્રમને સહજતાથી અનુસરીએ તો આપણે પણ સતત સમતામાં રહી શકીએ. પણ આપણી સામે જે સાવ પ્રત્યક્ષ હોય તે મોટાભાગે આપણે અવગણી કાઢીએ છીએ. 'સૂર્ય એ પૃથ્વી પરના પ્રત્યક્ષ દેવ છે અને છતાં પણ દરરોજ સાંજ થતાં એ સૂર્યને પણ અસ્ત થવું જ પડે તેવો કુદરતનો ક્રમ છે. ઉદય થતા સૂર્યનું જેટલું મહત્ત્વ છે એટલું જ સૌંદર્ય અસ્ત થતા સૂર્યનું પણ જ. એનું સૌંદર્ય, આ લાલિત્ય અને એની ગરિમા પણ એટલી જ દૈવી છે. જીવનના સારા-નરસા અનુભવો પણ કંઈક આવા જ છે.

જીવનમાં ઘણીવાર એવા અનુભવો થાય છે જયારે ચારે તરફ અંધકાર છવાઈ જાય છે. પણ એ ક્ષણ પણ વીતી જ જવાની હોય છે તે પણ એક સનાનત સત્ય છે. હવે જોવાની બાબત એ છે કે આ આવી પડેલા અંધકારનો સામનો તમે શી રીતે કરો છો ? પરિવારનું મહત્ત્વ એટલે જ જીવનમાં અગત્યનું છે કે તે આવા અઘરાં સમય દરમિયાન એકબીજાના સાથ-સહકાર અને હૂંફના કારણે જલ્દી પસાર થઈ શકે છે. તકલીફ અને મૂંઝવણનો સમય હંમેશા વધુ લાંબો હોવા છતાં પરિવારજનો અને સકારાત્મક અભિગમ ધરાવતા લોકોની આસપાસ રહેવાની ને પસાર થવામાં ઓછી તકલીફ અનુભવાય છે.

શ્રી મોહનલાલ પંચાલ એક સરસ વાત લખે છે કે, "શાળાનાં માત્ર બે ટકા જ બાળકો કલાકાર બનવાનાં છે એમ જાણવા છતાં સહુને ચિત્રકલાનું શિક્ષણ આપવું, જોઈએ. દરેક બાળકના હૃદયમાં સૌંદર્ય માટે પ્રેમ જાગે અને નાની-નાની ચીજોમાં રહેલા સૌંદર્ય સાથે એ તાદાત્મય સાધે, તે ચિત્ર-શિક્ષણનો પ્રથમ હેતુ છે.વળી, એની અવલોકનશક્તિનો પણ એ રીતે વિકાસ થાય. એની વાણીમાં, વર્તનમાં, કાર્યમાં અને ચારિત્ર્યમાં સુઘડતા, સંવાદિતા અને ચેતના લાવવી, એ ચિત્રકળાનું જ કામ છે."

બાબતોમાંથી સતત કંઈ ને કંઈ શોધ્યા જ કરશે. કુદરત, સમાજ, વડીલો અને શિક્ષકો જે કંઈ પણ શીખવે તેને સમજવા અને જાણવા તૈયાર રહીને વિદ્યાર્થી જીવનનું ભાથું મેળવી લે છે. શ્રી કાકાસાહેબ કાલેલકર કહે છે કે, "કોઈ પણ શિક્ષણ સંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જયાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકારો મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટે હોઈએ કે કાયમને માટે, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણે વસ્તુ વિશે ઈંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તો પણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણવામાં કે ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ."

આપણી શિક્ષણવ્યવસ્થા અને નકારાત્મક મનોદશાને આપણે સૌએ સાથે મળીને બદલવી પડશે. સારા અને ઉચ્ચ આદર્શો ધરાવતા સમાજનું નિર્માણ કરવા વિદ્યાર્થી અને શિક્ષકો, શિક્ષણસંસ્થા અને વાલીઓ સૌએ સાથે મળીને પ્રયાસ કરવો પડશે. દરેક વ્યક્તિની એક ચોક્કસ ક્ષમતા હોય છે અને એ ક્ષમતાને સ્વીકારવાની અને સમજવાની આપણી ફરજ છે, સૌએ પોતાનું 'બૅસ્ટ' જ આપ્યું હોય અને છતાં ધાર્યું પરિણામ ન આવે તો તે સ્વીકારવાની ખેલદીલી કેળવવી જોઈએ. કોઈ પરીક્ષા કે પરિણામ જીવનથી વધુ કિંમતી કે અગત્યનું હોઈ શકે જ નહિ તે સમજવું પડશે.

Last Seen :
"માણસ છું, ઊંચકાય એટલું તગારામાં ભરું, ઈશ્વર થોડો છું કે આંગળી પર ગોવર્ધન ધરું !"
- ડૉ. હિતેશ પટેલ 'હિત"

- nehalgadhavi101@gmail.com

# ચપટીક સમજણની સંજીવનીથી ગમે તેવી સમસ્યા મટાડી શકાય




અમારા ત્યાં કામ કરવા આવતાં અરૂણાબહેન મૂળ રાજસ્થાન, ડુંગરપુરના છે. તેઓ પહેલીવાર એક નાનકડા ગામમાંથી અમદાવાદ જેવા શહેરમાં આવ્યાં છે. તેમના માટે બધું નવું નવું છે. પોતાની જાતને સેટ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. એમની ભાષા સમજવા જેવી છે. કોઈ વસ્તુ પૂરી થઈ જાય એટલે તેઓ કહે છે કે, મટી ગયું. ડીટર્જન્ટ પાઉડર પૂરો થઈ જાય એટલે કહે કે, પાઉડર મટી ગયો. એસિડ પૂરો થઈ જાય એટલે કહે કે, એસિડ મટી ગયો. નવાઈ લાગે એવી વાત છે, પરંતુ આ ભાષામાં પણ સંસ્કૃતિનો સંકેત છે. માત્ર સંસ્કૃતિનો નહીં, જીવનનો અર્થ અને મર્મ પણ છે. વસ્તુઓએ ખરેખર તો સમસ્યાઓ છે અને એ જયારે પૂરી થઈ જાય છે ત્યારે મટી જાય છે. કેવી ઉમદા વાત !

જીવન અને સમજણ. આ બે બાબતો ખૂબ નજીકની છે. આધુનિક માણસ પાસે જીવન જીવવા માટે જરૂરી ભરપૂર સાધનો અને સગવડ છે. નવાં નવાં ઉપકરણ છે. નવી નવી ડિવાઈસીસ છે. એકસો વર્ષ પહેલાં માણસે ક્યાંય જવું હોય તો પગ પર આધાર રાખવો પડતો હતો. હવે પગની સામે કોઈ જોતું પણ નથી. પગ ચાલવા માટે છે એવું ભૂલી જ જવાય એ દિવસો દૂર નથી. ચૂલાનું સ્થાન ગેસે લઈ લીધું છે. સ્માર્ટ ફોન આવી ગયા છે. ઘરમાં રાહત રહે એ માટે અનેક ચીજવસ્તુઓનો વૈભવ આજનો માણસ ભોગવી રહ્યો છે. રાજા કે મહારાજાઓ પાસે જે સગવડ નહોતી તેનાથી અનેકગણી સગવડ આજે આમ માનવી પણ ભોગવી શકે છે.

આમ છતાં, માણસ જેટલો સુખી થવો જોઈએ તેટલો સુખી નથી. તેના દુઃખનો કોઈ પાર નથી. પૈસા કમાવાની ચિંતા સતત તેને સતાવે છે. કમાયેલા પૈસા સાચવવા માટે તેને ઉજાગરા કરવા પડે છે. પોતાના પૈસા કોઈ લઈ ન જાય તે માટે તેને ચોકીદારી કરવી પડે છે. એણે ભલે છેતરી છેતરીને પૈસા ભેગા કર્યા હોય, પણ પોતે છેતરાઈ ન જાય તે માટે તે જાગૃત રહે છે. સ્પર્ધાનો પાર નથી. ડગલે ને પગલે અનેક પ્રકારનો તનાવ છે. ગઈકાલ સુધી એવું કહેવાતું હતું કે તનાવ વગર વિકાસ શક્ય નથી, હવે એમ કહેવાય છે કે, તનાવ વગર જીવન શક્ય નથી. દરેક ઘરમાં દરરોજ સવાર-સાંજ ગોળીબાર થાય છે. લોકો જાતભાતની ગોળીઓ લઈને જીવનને ધક્કા મારે છે.

આવી સ્થિતિનું કારણ એ છે કે, ચપટીક સમજણ ઘટી છે. બધું છે, ઘણું બધું છે, ઉત્તમ જીવન જીવવાનો તમામ અસબાબ અને સરસામાન હાજર છે. માત્ર ચપટીક સમજણ ખૂટે છે.

એક ચપટીક સમજણ એટલે શું ? એ ચપટીક સમજણ એટલે સંતોષ. અમદાવાદના માધુપુરા વિસ્તારમાં એક માજી ૫૫ વર્ષથી સૂકા લસણની લારી લઈને ઊભાં રહે છે. તેમને કોઈએ પૂછ્યું કે, તમારો આનંદ શું ? તેમણે જવાબ આપ્યો કે, અમારે તો રોજની કમાણી એ જ રોજનો આનંદ. કેટલો અદ્‌ભુત જવાબ. ખરેખર તો આ જવાબમાં આખું સાંખ્ય દર્શન સમાઈ ગયું છે. ભેગું કરવાની કોઈ વાત જ નથી. કાલની ચિંતા નથી. આજે કમાવો અને આજે ખાઓ. મજા જ મજા. આનંદ જ આનંદ. જો આધુનિક માણસમાં ચપટીક સમજણ હોય તો તે ભેગું કરવાની ચિંતા ના કરે. ભેગું કરવાની ના નથી. જીવનમાં આયોજન જરૂરી છે. ભવિષ્યની ચિંતા કરીને આજે થોડી બચત કરવી એમાં કશું ખોટું નથી, પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે, તેમાં માપ નથી રહેતું એટલે કે, ચપટીક સમજણ ખૂટે છે.

પૈસા આવી ગયા પછી એને સતત સાચવી રાખવા એ પણ પાપ છે. લક્ષ્મી સતત વહેતી રહેવી જોઈએ. ઘણા લોકો તો એક પેઢી નહીં, સાત સાત પેઢી સુધી ચાલે તેટલું ભેગું કરે છે. દિવસ અને રાત તેઓ માત્ર પૈસા કમાવામાં જ લાગેલા રહે છે. આ વાત બરાબર નથી. ખરેખર તો પોતાના પરિવાર માટે જરૂરી હોય, ભવિષ્યમાં તકલીફ ન પડે એ બાબતને ધ્યાનમાં રાખીને, જરૂરી હોય તેટલી સંપત્તિનું સર્જન કરીને સંતોષ માનવો જોઈએ. સૌથી મોટી વાત તો એ છે કે, પોતાની સંપત્તિના માલિક બનવાને બદલે ટ્રસ્ટી બનીને સદકાર્યોમાં એ પૈસા વાપરવા જોઈએ. બધા લોકો આવું કરી શકતા નથી. કેમ ? ચપટીક સમજણ ખૂટે છે.

સંબંધો ઉત્તમ જીવન જીવવા માટે ખૂબ જરૂરી છે. અવનવા અને નીતનવા સંબંધો સાથે માણસ રંગીન અને સંગીન જીવન જીવે છે. માતા-પિતા, પતિ-પત્ની, પિતા-પુત્રી, માતા અને પુત્રી, માતા-પિતા અને સંતાનો, પિયર અને સાસરું, મિત્રો અને સ્વજનો, સગાં-સંબંધીઓ... સંબંધોની કેવી રળિયામણી અને હરિયાણી દુનિયા હોય છે. દરેક સંબંધ વ્યક્તિને ઉષ્મા આપતો હોય છે. સંબંધો જીવનને જીવવા જેવું કરવામાં સૌથી વધારે મદદ કરે છે. ૮૦-૯૦ કે ૧૦૦ વર્ષના આયખામાં માણસે વધુમાં વધુ નજીકના ૫૦ સંબંધોને સાચવવાના હોય છે. આમ છતાં, ડગલે ને પગલે એરર આવે છે. શંકા, ઈર્ષા, અહમ્ આ બધાને કારણે સંબંધો સતત ખોટવાયા કરે છે. કોઈ સાઈકલની ટ્યૂબમાં વારંવાર પંચર પડે એવું જિંદગીમાં થાય છે. સંબંધોમાં સતત પંચર પડે છે અને પંચર કરાવી કરાવીને જીવનની સાઈકલ આગળ વધે છે. ઘણીવાર તો આખી ટ્યૂબ જ બદલવી પડે તેવી સ્થિતિ થઈ જાય છે.

આવું કેમ થાય છે ? ચપટીક સમજણનો અભાવ નડે છે. જતું કરવાની વૃત્તિ નથી. સહન કરવાનું આપણે ભૂલી ગયા છીએ. પ્રેમ નથી એવું નથી, પરંતુ બુધ્ધિ અને તક સતત પ્રેમને દબાવી રાખે છે. હૃદયમાં પડેલી સંવેદના બહાર આવવા મથે છે અને આપણે તેના પર સ્વાર્થનું દબાણ મૂકી દઈએ છીએ. હૃદયમાં છલકાતી કરુણાને બહાર વહી જવું છે, પરંતુ આપણે આપણા સ્વહિતોની એવી પ્રચંડ આડાસ ઊભી કરીએ છીએ કે, કરુણા બહાર આવી શકતી નથી.

જેમ શરીરમાં કોઈ ખોરાક અંદર રહી જાય અને તેનું ઝેર થાય એવું આ બધી વૃત્તિઓનું નહીં થતું હોય ? તમે જ્યારે પ્રેમને ઘરમાં પૂરી દો, હૃદયમાં કેદ કરી દો ત્યારે એને શું થાય ? તમે સંવેદના કે કરુણાને દબાવી દો ત્યારે તેની તમારા શરીર પર કોઈ અસર ના થાય ? જો આ પ્રશ્નોનો વિચાર કરીએ તો માત્ર ચપટીક સમજણના આધારે આપણા મોટાભાગના પ્રશ્નોનો હલ લાવી શકીએ.

એ વસ્તુ યાદ રાખીએ કે, સમજણ બજારમાં મળતી નથી. સમજણની કોઈ એપ નથી હોતી. ગુગલમાંથી સમજણનો અર્થ મળે, પરંતુ સમજણ ના મળે. સમજણ ડાઉનલોડ નથી કરી શકાતી. એ ઈશ્વરે જન્મજાત આપી હોય છે તેને ખાલી ઉપયોગમાં લેવાની હોય છે. દરેકને ચપટીક સમજણ મુબારક.